સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૯–૧–૨૦૧૯ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૯–૧–૧૯ના પત્ર નં.સી.સ્થા.સ./૭૫૧ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકના સાત ઝોન વિસ્તારોમાં નિયત કરેલ રસ્તાઓ પર ઈજારદારના મિકેનીકલ રોડ સ્વીપર મશીન મારફતે સ્વીપીંગ / સ્ક્રેપીંગ – બ્રશીંગની ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સની કામગીરી પાંચ વર્ષના સમયગાળા માટે સોંપવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં ઓનલાઈન ટેન્ડર ભરનાર કુલ–૮ ટેન્ડરરો અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ માહિતી ધ્યાને લઈ ચર્ચા વિચારણા કર્યા બાદ આ કામે નીચે જણાવેલ મુદ્દા નં.૧ થી ૫ અંગે નીચે મુજબના નિર્ણય લેવામાં આવે છે.

(૧) આ કામે કવોલીફાઈડ થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર Global Waste Management Cell Pvt. Ltd.ને આ કામગીરી પ્રથમ વર્ષ માટે રૂા.૮,૫૦,૦૦૦/– પ્રતિ મિકેનીકલ રોડ સ્વીપર મશીન/પ્રતિ માસના (દૈનિક આઠ કલાકની કામગીરી લેખે) ના ભાવે (તમામ ટેક્ષ સહિતના, પરંતુ Article 243 W અનુસાર હાલ આ કામગીરીમાં GST લાગુ પડતો ન હોઈ તે ધ્યાને લઈ), તેઓએ તેમના તા.૩–૧–૨૦૧૯ના પત્રથી સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિ તેમજ ટેન્ડરની શરતો અને સ્પેસીફીકેશનને આધિન સદર કામગીરી તેઓને એક વર્ષ માટે સોંપવાનું તેમજ ઈજારદારની કામગીરી સંતોષકારક જણાય તો તેઓને વધુ ચાર વર્ષ માટે કામ સોંપવા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિને અધિકૃત કરવામાં આવે છે.

(૨) આ કામે મહાનગરપાલિકાના દરેક ઝોન દીઠ એક મિકેનીકલ રોડ સ્વીપર મશીન મળી કુલ–૮ મિકેનીકલ રોડ સ્વીપર મશીન મારફત સ્વીપીંગ / સ્ક્રેપીંગ – બ્રશીંગની ઓપરેશન અને મેઈન્ટેનન્સની કામગીરી કરાવવી તેમજ ઈજારદારની કામગીરી સંતોષકારક જણાય તો સ્થળ પરિસ્થિતિને અનુરૂપ મિકેનીક રોડ સ્વીપર મશીનોની સંખ્યામાં વધારો કરવા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવામાં આવે છે.

૨...

(૩) આ કામે ઉકત મુદ્દા નં.(૧) મુજબના પ્રથમ વર્ષની કામગીરીના રૂા.૮,૫૦,૦૦૦/– પ્રતિ મિકેનીકલ રોડ સ્વીપર મશીન/પ્રતિ માસના (દૈનિક આઠ કલાકની કામગીરી લેખે) ભાવ (ભાવ તમામ ટેક્ષ સહિતના, પરંતુ Article 243 W અનુસાર હાલ આ કામગીરીમાં GST લાગુ પડતો ન હોઈ તે ધ્યાને લઈ) તેમજ ટેન્ડર શરત મુજબ, અગાઉના વર્ષના મંજુર પ્રતિ મિકેનીકલ રોડ સ્વીપર મશીનના ભાવમાં પ્રતિ વર્ષ ૫% નો વધારો આપવાનું તથા જે–તે વર્ષની દૈનિક કામગીરીમાં રોકવાના થતા મુદ્દા નં.(૨) અનુસાર કુલ મશીનોની સંખ્યાને અનુરૂપ થનાર પાંચ વર્ષની કામગીરીનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

(૪) આ કામે ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઠરાવ નં.૮૮/૨૦૧૯ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૨૯–૧–૨૦૧૯.

નકલ સા.ર અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ,

HDP.

DMC (H&H)

Ex. Eng. (SWM)

Received On
Dt. 30/1/19

નં. ઔસ્થાસ/હ/ ૮૬૦
તા.30/1/2019

AE (RAC) VIC
30/1/19

આર.એ.સી./૨/૬/ ૯૨૯
તા. 30/01/19

DCHH/IN 3806
Date 30/01/2019